## બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# માણસની નિરાશાની શરૂઆત




લેખક : Edward Hughes

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : M. Maillot; Tammy S.



60 વાર્તા 2

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati







“તમે ઈશ્વરના જેવા
બની જશો” હવાને તે
વૃક્ષનું ફળ જોઈતું હતું.
તેણીએ સાપનું
સાંભળીને ફળ ખાધું.
3


હવાએ આજ્ઞા ઉલ્લંઘન કર્યા બાદ આદમને
પણ ફળ ખવડાવ્યું. આદમે હવાને કહેવું
જોઈતું હતું. ના, હું ઈશ્વરની
આજ્ઞાનું ઉલ્લંઘન
નહીં કરૂં.
4


જ્યારે આદમ
અને હવાએ પાપ કર્યું, ત્યારે
તેમને ખબર પડી કે તેઓ નાગા છે. તેઓ અંજીરના
પાંદડા લઈ પોતાની જાતોને ઈશ્વરની નજરમાંથી ઢાંકવા
માટે કપડાઉં તૈયાર કર્યા, અને ઝાડવાની પાછળ સંતાઈ ગયા.
5


સાંજને ઠંડે પહોરે ઈશ્વર બગીચામાં આવ્યા. તે જાણતા
હતા કે આદમ અને હવાએ શું કર્યું છે, આદમે હાવે દોષ
દીધો. હવાએ સાપને દોષ દીધો. દેવે કહ્યું, “સાપ શાપિત
હો, સ્ત્રી જ્યારે તું બાળકોને જન્મ આપશે ત્યારે સખત
દુઃખ થશે.” આદમ તેં પણ પાપ કર્યું છે, માટે પૃથ્વી
શાપિત થઈ છે. અને તેમાંથી કાંટા અને ઝાંખરા
નીકળશે. તું તારું દરરોજનું
ભોજન શ્રમ અને પરશેવા
દ્વારા પેદા કરશે.
6


દેવે આદમ અને હવાને એ
અદ્ભૂત બગીચામાંથી કાઢી
મૂક્યાં. તેઓએ પાપ કર્યું તે
કારણથી તે જીવન
આપનાર ઈશ્વરથી
અલગ
થઈ ગયાં.
7


દેવે તે બગીચાની આસપાસ
અગ્નીરૂપી તરવાર ગોઠવી જેથી તેઓ અંદર
આવી ન શકે. ઈશ્વરે તેમના માટે ચામડાના
વસ્ત્રો તૈયાર કરીને આપ્યા.
ઈશ્વરે આ ચામડાના
વસ્ત્રઓ ક્યાંથી
તૈયાર કર્યાં?
8

આ સમય દરમ્યાનમાં આદમ અને હવાના ઘરમાં એક કુટુંબ પેદા થયું. તેઓને પ્રથમ પુત્ર કાઈન એક ખેડૂત હતો. તેઓને બીજો પુત્ર હાબેલ ભરવાડ હતો. એક દિવસે કાઈન ઈશ્વરની પાસે અમુક શાકભાજી ભેટ તરીકે લાવ્યો. હાબેલ તેના ઘેટાઓમાંથી સૌથી પુષ્ટ ઈશ્વર માટે ભેટ લઈ આવ્યો. ઈશ્વરે હાબેલની ભેટથી ખુશ થઈ ગયા.



9

ઈશ્વર કાઈનની ભેટથી નાખુશ થઈ ગયા. જેથી કાઈનને ખુબ જ ગુસ્સો આવ્યો. પણ ઈશ્વરે તેને કહ્યું, “શું તું સારું કરીશ તો તારો સ્વીકાર કરવામાં નહીં આવે?”



10

કાઈનનો ગુસ્સો સમી જતો નથી. થોડા સમય પછી જ્યારે તેઓ ખેતરમાં હતા ત્યારે કાઈને હાબેલ પર હુમલો કરી તેને મારી નાંખ્યો.



11

ઈશ્વરે કાઈનને પૂછ્યું કે, “તારો ભાઈ હાબેલ ક્યાં છે?” “મને ખબર નથી”, કાઈન જૂઠું બોલે છે. “શું હું મારા ભાઈનો રખેવાડ છું?” ઈશ્વર કાઈન પાસેથી ખેતી કરવાની તાકાત લઈ લઈને તેને ભટકનાર વ્યક્તિ બનાવી દે છે.



12

કાઈન ઈશ્વરની હાજરીમાંથી દૂર ચાલ્યો ગયો. ત્યારબાદ તેણે આદમ અને હવાની દીકરી સાથે લગ્ન કરી, પોતાનું કુટુંબ ઉભુ કર્યું. થોડા જ સમયમાં, કાઈન પોતાના પુત્રો અને પુત્રોના બાળકો દ્વારા એક શહેર દીધું.



13

એ જ સમય દરમ્યાન આદમ અને હવાનું પણ કુટુંબ વિસ્તાર પામ્યું. તે દિવસોમાં લોકો ખૂબ જીવતા હતાં.



14













માણસની નિરાશાની શરૂઆત

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૩-૬

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો
કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ
પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું
ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે,
હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા
થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો,
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું.
તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.